પૂર્વ વૃતાંત.

વિંધ્યાચળ પર્વતની તળેટીમા આવેલ વીરમતી નગરનો રાજા વીરમદેવ જેને ચોકકસ કારણસર બહારવટીઆ સરદાર ખુમાણસિંહ સાથે લાંબા વખતથી દુશ્મનાઈ ચાલી આવે છે અને તે દ્વેષથી વીરમદેવે બહારવટીઆ [illegible] ની- [illegible]ત કરી તેને એક લુંટારાની [illegible]

રાત [illegible]

વિજ્ઞાપના,

જણાવવાને ખુશાલી ઉપજે છે કે, અમારી કંપની શ્રી સરસ્વતી નાટક સમાજ પોતાનો પાંચમો પ્રયાસ પ્રેક્ષકો સમક્ષ રજુ કરે છે. અમારા " લક્ષ્મિ વિજય, " " અદલ ઈન્સાપ્‌ " અને " કિશોરસિંહની પવિત્ર પ્રેક્ષકજનોએ જે કદર કરી છે. તેવીજ રીતે સદર પ્રયાસની કદર કરી, અમને કૃતાર્થ કરશો. તથા આ અમારા તદ્દન નવા સાહસને ઉત્તેજન આપશો એવી પ્રાર્થના કરી અમારી લેખીનીને વિરામ આપીએ છીએ.

લી૦ વી૦ એચ૦ શાહ.

સરસ્વતી નાટક સમાજના માલેક.

તા. કઃ–અમારી કપનીના ડાયરેકટર મી. મુળજીભાઇ ખુશાલદાસે પરિપૂર્ણ શ્રમ ઉઠાવી અમારા નૂતન પ્રયાસને અલ્પ સમયમાં તૈયાર કર્યો છે. તેને ધન્યવાદ ઘટે છે.

સુરત } વી૦ એચ૦ શાહ.

તા. ૧૭–૧૦–૧૯૧૪. } માલેક,

કુસુમાવતી નામે ખેલના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

કરણસિંહ... ... . રાજા વિરમદેવનો ગુમ થયેલો પુત્ર.
વીરમદેવ .. ... વિરમતિ નગરીનો છત્રપતિ રાજા.
સામંતસિહ .. . ...એક ખડીઓ સુરમતિ નગરીનો રાજા.
ખુમાણસિહ ... . કાઠી ઠાકોર [ઉર્ફે બહારવટીઓ)
નવલરાય... ... ...વિરમતિ નગરીનો એક ગ્રહસ્થ.
મદનલાલ .. ... . નવલરાયનો નાનો ભાઇ (ઉર્ફે) ચક્રમ.
ચીમન . . . મદનલાલનો વફાદાર નોકર.
ધીરસિંહ... ... .વિરમદેવનો એક મુખ્ય સરદાર.

સ્ત્રી પાત્રો.

કુસુમાવતી . .. સામતસિહની પુત્રી પાછળથી કરણસિહની પત્નિ.
વિરમતિ ... . . વીરમદેવની રાણી કરણસિહની માતા.
માલતી .. ..મદનલાલની ફેશનેબલ સ્ત્રી.
સુનદા... ... .નવલરાયની સ્ત્રી.
નવેલી . ...માલતીની દાસી, પાછળથી ચીમનની સ્ત્રી.

સિવાય—સરદારો, લશ્કરી, અન્ય રાજાઓ, દાસીઓ સખીઓ, દેવી, કચનીઓ ઇત્યાદી.

સ્થળ-વિરમતિ નગર, સુરમતિ નગર તથા આસપાસનો પ્રદેશ.

ॐ

तत्सत् परमात्मने नमः

કુસુમાવતી.

નાટકનો ટુંકસાર.

અંક ૧ લે.

સુત્રધાર નટીનું વસ્તુ સુચન.

પ્રવેશ ૧લો-સ્થળ, સ્વયંવર મંડપ—રાજા સામંતસિંહની પુત્રીનો સ્વયંવર હોવા સબબે, દેશ દેશના મહીપતીઓ આવેલ છે. જેની અંદર વિરમદેવ પણ સામેલ છે દરેકનો દરજ્જા પ્રમાણે આદર સત્કાર. દરમીયાન કાળી ઠાકોરનુ આવવુ, તેનુ અપમાન થવુ અરસપરસ વેરનો અગ્નિ સતેજ થવો, બાદ સ્વયંવરમાથી કુંવરીને ઉડાવવાની કોશીષ કરણને હાથે કુસુમાવતીનો બચાવ **ટેબ્લો.**

પ્રવેશ ૨ જો-સ્થળ, માલતીનુ દીવાનખાનું—ફેશનપર મરી ફીટેલી જોબન મસ્તમાં મગ્ન બનેલી માલતીના સુધરેલા છકેલ વિચાર, બાદ જુદા જુદા ઉમેદવારોએ આવવુ, દરેકને ટીનપાટ મલવું બાદ જેવા બાઈ તેવા ભાઈ, તે મુજબ ફેશનમા ફીટી ગયેલા, **ચકમ** મદનલાલનું આવવું, પ્યારની માંગણી, માનતીએ તેને બનાવવો.

પ્રવેશ ૩ જો-સ્થળ, સામતસિહનો મોહુલ—રાજા સામતસિહ પોતની પુત્રીને બચાવી, તે માટે કરણસિહને માન સાથે પાચ ગામનો પટો કરી આપી યોગ્યને યોગ્ય બદલો આપે છે બાદ કુસુમાવતીની દાસીએ આવી ખાનગી પત્ર આપવો, કરણસિહે તેને મળવા ઠરાવેલે સ્થળે જવુ

પ્રવેશ ૪ થો- સ્થળ, બગીચો—કુસુમાવતીની વિરહ અવસ્થા, સખીઓની મસ્કરી, બાદ આમત્રણ મોકલી તેડાવેલ કરણસિહનુ આવવુ, ઉભયનુ પ્રેમદર્શન, બાદ વિરમદેવનુ આવવુ, કુસુમાવતીના હાથની માગણી કરવી, કુસુમાવતીએ સાફ ઇન્કાર કરવો, વિરમદેવે ગુસ્સે થઇ પ્રતિજ્ઞા કરી ઘુનમા જવુ, બાદ ખુમાણસિહના માણસોએ આવી, બેભાન કરી કુસુમાવતીને ઉપાડી જવી

પ્રવેશ ૫ મો-સ્થળ, સામતસિહનો મહેલ—સ્વય વરમા નડેલ વિઘ્નની ચિન્તામા સામતસિહનુ નીકળવુ બાદ વીરમદેવનુ આવવુ, બેશરમ બની ચોખ્ખા શબ્દોમા કુસુમાવતીના હાથની માગણી કરવી, સામતસિહનો ઇનકાર, દ્વેષનુ બીજ રોપાવુ, વફાદાર પિતાનો વાત્સલ્ય પ્રેમ, દાસીયે આવી કુસુમાવતીનુ હરણ થયાના માઠા સમાચર આપવા, રાજાનો ગભરાટ, વફાદાર સરદાર કરણસિહે જીવના જોખમે પણ કુસુમાવતીને પાછી મેળવી આપવાનો કોલ આપવો, સર્વ બીનાથી વાકેફ થઇ, વિઘ્ન સતોષી વિરમદેવ પોતાના દુષ્ટ વિચાર પાર પાડવા માટે, કુસુમાવતીને હાથ કરવા, ખુમાણસિંહના આવાસ તરફ રવાના થવુ.

પ્રવેશ ૬ ઠો-સ્થળ, બહારવટીઆનુ જગલ—કુસુમ તીહરી લાવેલ, ખુમાણસિંહ, કુસુમાવતીને પોતાની થવા સમજાવે

છે, શામ, દામ, ભેદને દંડ એવી રીતે ચાર સત્તા અજમાવે છે, કુસુમાવતીના પવિત્ર વિચારો, તથા સતિનુ સતિત્વ હણાતું જોઈ ખુમાણસિંહની કુળદેવીએ પ્રગટ થઇ ખુમાણસિંહના ભ્રષ્ટ વિચારો નષ્ટ કરવા દૈવી ચમત્કારથી સુધરેલો ખુમાણ કુસુમાવતીને પોતાની ધર્મની બ્હેન કહે છે તથા હરેક પ્રકારની મદદ કરવા કોલ આપે છે બાદ રાજા વિરમદેવનુ આવવુ, રકઝકની આખરે લડાઇ વિરમદેવ કેદ-ટેબ્લો.

પ્રવેશ ૭ મો-સ્થળ, નવલરાયનુ મકાન—સુધારાને ધીક્કારનાર અને જુના વિચારોને પસંદ કરનાર નવલરાયના પવિત્ર વિચારો, તથા પોતાનો નાનો ભાઈ મદનલાલ, જે આજકાલના ખોટા સુધારામા તણાયેલો છે, તેના પ્રત્યે દિલગીરી જાહેર કરે છે, બાદ ફેશનેબલ સુધારાની હીમાયતી માલતીનુ આવવુ, નવલરાય પાસે પ્યારની માગણી કરવી, પવિત્ર નવલરાય તેના ભ્રષ્ટ વિચારો તરફ તરસ્કાર દરશાવે છે, તથા તેના સુધારાને વખોડી કાઢે છે બાદ ફરકેરાયલી માલતી, પોતાના થયેલ અપમાનનો બદલો વાળવા તેની સમક્ષ, તેનાજ નાનાભાઈ, મદનલાલને વરે છે, ઉધ્ધત મદનલાલ માલતીને પોતાની કરે છે, બાદ ઉભય ફેશનેબલ જોડાએ, નવલરાયને ભ્રષ્ટ કરવા યત્ન કરવો.

પ્રવેશ ૮ મો. સ્થળ, ખુમાણસિંહનું રહેઠાણ—કુસુમાવતીને શોધતો કરણ આવી ચડે છે, વ્હેમ-કરણનુ ફરકેરાવુ ખુમાણસિંહે સત્ય રોશનમા લાવી, સાચો ખુલાસો જાહેર કરવો, તથા વિરમદેવ પકડયાના ખબર કહેવા છેવટે ખુમાણસિંહના જુલ્મથી, દૂશી, વિરમદેવના હાથેજ, કુસુમાવતી, અને કરણસિંહના લગ્ન, બાદ વિરમદેવના લશ્કરને આવવુ. વિરમદેવનો છુટકારો,

ડ્રોપ.

અંક બીજો.

પ્રવેશ ૧ લો. સ્થળ, જંગલ—થએલ અપમાનથી, છ છેડાયેલો વેર લેવા ઊશ્કેરાયેલો વિરમદેવ, પોતાના સરદાર આગળ ખુની ઉભરા કાઢતો નજરે પડેછે ખુમાણસિંહ, કરણસિંહ કુસમાવતી, અને અને સામતસિંહ પ્રત્યે અપમાનનું વેર લેવા ચોક્કસ ઠરાવ તથા સામતસિંહ પર સખ્ત હુકમનો પરવાનો રવાના કરવો

પ્રવેશ ૨ જો. સ્થળ, સામતસિંહનો દરબાર—કાઠી ઠાકોર સરદાર ખુમણસિંહ, કરણસિંહને કુસુમાવતીને લઇ સામતસિંહ પાસે આવે છે કુસુમાવતિએ કાઠી ઠાકોરે ચલાવેલી, શુધ્ધ વર્તણુક તથા બનેલી બીનાથી, પોતાના પીતાને વાકેફ કરે છે, સામતસિંહે પ્રસન્ન થઇ, તે કાર્યો મંજુર રાખવા બાદ વિરમદેવનો ધમકી પત્ર લઇ, તેનો મુખ્ય સરદાર ધીરસિંહ આવે છે સામતસિંહ તથા કાઠી ઠાકોરે પત્રની બેહાલી કરી, યુધ્ધના વાત કબુલ રાખે છે, તથા યોગ્ય યુક્તિ રચી મેદાનમા પડે છે કુસુમાવતીની કરણસિંહને વિદાયગીરી, પ્રેમી દમ્પતિનો વિનોદ, રજપુત રમણીની સ્વામી ભક્તિ.

પ્રવેશ ૩ જો-સ્થળ, મદનલાલનુ મકાન—સુધરેલી ઓરત મળવાથી, મદનલાલની થતી પાયમાલી, સ્વતંત્ર ઘરના, સ્વતંત્ર નોકરોનો ચિતાર, નોકરપર મદનલાલનુ ગુસ્સે થવુ બાદ માલતીએ આવી નોકરનો પક્ષ લઇ, ધણીને તરણા તુલ્ય કરવો. સુધરેલા ઘરના સુધરેલા ભવાડા, સુધરેલી માલતી પોતાના અઢારે લક્ષણ પ્રકાશે છે.

તથા એક સુઘરેના ડકટરને યાર તરીકે પસંદ કરે છે ચલુ જમનાનો ચિનાર

પ્રવેશ ૪ થો-સ્થળ, જંગલ—લડાઇની તૈયારી કરતો ઠાકોર ખુમાણસિંહ, પોતાના લશ્કરને ફરફેરતો નજરે પડે છે અચાનક વિરમદેવની રાણી વિરમતિ પિયરથી પાછી આવતા તેજ રસ્તેથી નીકળે છે રકઝકના આખરે ઠાકોર શરણ થવા ફરજ પાડે છે અડગ વિરાંગના

“ ડરશે નહી વિરાંગના, તલવારથી કે તીરથી, ’
‘ સીંહ કેદી થાયના, લોખંડના જંજીરથી ”

એ શબ્દ મુજબ સામી થાય છે, બહારવટીએ, તેને તેના પતિના કાળા કર્મ સમજાવે છે, જેથી વીરમતિનો ગુસ્સો બીજી બાજુ નમી જતાં, પતિ પ્રત્યે, ભડકી જાય છે, તથા પતિને પાપની યોગ્ય શીક્ષા આપવા પ્રતિજ્ઞા કરી, બહારવટીઆથી જુદી પડે છે તથા બહારવટીઆને ધર્મનો ભાઇ માની આભારના ભાર સાથે રવાના થાય છે.

પ્રવેશ ૫ મો-સ્થળ. રસ્તો—વિરમદેવે દગાથી છાપો માર્યો છે તે સમાચાર સાંભળી, સામતસિંહનો ગભરાટ, કરણસિંહ તેને હિમ્મત આપી, લડાઇનુ શુરાતન જગાડે છે સસરા જમાઇનુ યુધ્ધમા જવુ.

પ્રવેશ ૬ ઠો-સ્થળ, છાવણી-લડાઈ—સામતસિંહનુ મૃત્યુ કરણનુ કેદ થવુ, બાદ કુસુમાવતીનુ આવવુ, રજપુત રમણીને છાજતી બહાદુરી આખરે કેદ.

પ્રવેશ ૭મો-સ્થળ, રસ્તો—સામતસિંહનુ મૃત્યુ, તથા કરણને કુસુમાવતીના સપડાયાના સમાચાર સાંભળી બહારવટીઓ એકદમ મદદે જવા નીકળે છે.

પ્રવેશ ૮મો-સ્થળ, જેલ—કુસુમાવતીને કરણસિહ ઉપર વિરમદેવનો જુલમ, સતીના વીરતા ભર્યા ઉદગાર, તથા ક્ષત્રી પુત્ર કરણસિહના ક્ષત્રીધર્મને છાજતા જવાબ, સજજડ સવાલ જવાબને આખરે વિરમદેવ બન્નેને રેસી નાખવા તૈયાર થાય છે રાણી વીરમતીથી બચાવ આખરે સવેનુ કેદ થવુ. **ટેબ્લો.**

પ્રવેશ ૯મો-સ્થળ, મદનલાલનુ ઘર—મદનલાલના ફાંકડા નોકર ચીમનની ખુશાની, તથા માલતીની દાસી, નવેલી સાથે શ્રંગાર કરવા પ્રેરવી નવેલીના ઉડાઉ જવાબ, બાદ માલતીનુ આવવુ ચીમનને સખત ઠપકો, બાદ સુધારાની લાહ્યમા બળતા મદનલાલનુ આવવુ માલતીએ ધોળે દહાડે તારા દેખાડવા, દરમીયાન મદનલાલે ઘરથી કટાળી સદાને માટે ચાલ્યા જવુ

પ્રવેશ ૧૦મો- સ્થળ, કત્લખાનું—નિર્દોષને બચાવતા પાપીનો ભોગ થઇ પડેલી વીરમતી, કરણસિહ, કુસુમાવતીની કરૂણા જનક હાલત, ખુમાણસિંહની યુકિતથી સર્વનો બચાવ, બાદ વિરમદેવનુ આવવુ ખુમાણસિહની યુકિતથી અજાણ્યો વિરમદેવ જાળમા ફસાય છે બાદ ભ્રમને આખરે, ઠાકોરે જાહેર થવુ. બાદ લડાઇ, ઠાકોરનુ કેદ થવુ, કુસુમ કરણને વીરમતીનુ નાસી છુટવુ **ટેબ્લો.**

ડ્રોપ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો-સ્થળ, જંગલ—પિતાના શબપર આક્રંદ કરતી કુસુમાવતીને કરણસિંહે હિમ્મત આપવી, વિરમતિ પોતાના પતિપર પૂરી ફિટકેરાય છે. તથા ખુમાણસિંહને બચાવા જવું કુસુમાવતી તથા કરણે સુરમતિ તરફ પ્રયાણ કરવું

પ્રવેશ ૨ જો-સ્થળ, નવલરાયનું મકાન—પવિત્ર પ્રેમી દમ્પતિનો ધડો લેવા લાયક શું ? આર્ય સંસાર, પતિ પત્નિના પ્રેમ બાદ કંગાલ થયેલા, માલતીથી કટાળેના મદનલાલનું આવવું, તથા સુધારામાં થતી ખરાબી દર્શાવવી નવલરાય અને તેની પત્નિ સુનદા. માલતીને સુધારવા નવલરાય સાથે મદનલાલના ઘેર જવા નીકળવું.

પ્રવેશ ૩ જો-સ્થળ, મહેલ—કેદ પકડાએલા ખુમાણસિંહનું કાસળ કાઢી નાખવા, વિરમદેવ પોતાના બાહોશ વફાદાર અને વિશ્વાસુ સરદાર ધીરસીંહ સાથે મસલત, ફરી તેને જેલમા મોકલે છે ધીરસીંહે હુકમને આધીન થઇ જવું સંશય વિરમદેવે વ્હેમખાઇ તેની પાછળ જવું

પ્રવેશ ૪ થો-સ્થળ, જેલ—ખુમાણસીંહની દુખદ અવસ્થા. વિરમતીનો મેળાપ અરસ પરસ ઓળખાણ ઓચિંતા ધીરસીંહનું આવવું, બન્નેનું સપડાવું. વિરમતિના વીલાપથી ક્રૂર ધીરસીંહ વધુ ઉશ્કેરાય છે. બાદ. સામંતસિંહના રૂહે પ્રગટ થઇ, ક્રૂર ધીરસિંહને

ફયાણુ બનાવો, ધીરસિંહની વફાદારી બન્નેને છોડી મૂકવા. બાદ વિરમદેવનુ આવવુ. ફરી કેદ સજ્જડ તકરારના આખરે વિરમદેવના હાથે ધિંગસિંહ તથા વીરમતીનુ ખુન ઠાકોરના હાથે વિરમદેવનુ ખુન.

ટેબ્લો.

પ્રવેશ ૫ મો-સ્થળ, મદનલાલનુ ઘર—નિમકહલાલ કાટાબાજ ચીમનની યુકિતથી માલતીનો પાવર નરમ પડે છે, તથા પતિ વિયેગે પત્નિની શી દશા થાય છે તે માલતીને ભાસ થાય છે. બાદ નવલરાય અને સુનદા આવે છે. તેના સ.ઉપદેશથી, બોધ લઇ માલતી ખોટા સુધારાથી વિરકત થાય છે. અને સાચા ગ્રહણીના ધમ સમજી જાયઁ છે સર્વ સુખમય સસાર—

પ્રવેશ ૬ ઠો- સ્થળ, મહેલ—આફતમા આવી પડેલા કુસુમાવતી અને કરણસિંહનો નિર્મળ પ્રેમ, તથા પતિ પત્નિનો દામ્પત્ય પ્રેમ, બાદ ખુમાણસિંહે રજય મડળ સાથે આવવુ વૃદ્ધ દીવાન મારફત, કરણસિંહ વિરમદેવનો પુત્ર છે, એમ સાબીત થવું તથા સર્વ એ આનદમા નવા રાજાને રાજયાભિષેક કરવા વિરમતિ નગર તરફ પ્રયાણ કરવુ પ્રેમી જોડાની મીઠી મશકરી.

પ્રવેશ ૭ મો-સ્થળ, વિરમતિ નગરનુ રાજયભુવન—વૃદ્ધ દિવાન તથા ખુમાણસિંહ, કરણસિંહને માતા પિતાનો શોક તજાવે છે, તથા રાજયાભિષેક કરી કુસુમાવતીથી હસ્ત મેળાપ કરે છે ધ્યાન સમ્પુર્ણ.

ॐ शान्ति! शान्ति!! शान्ति!!!

કુસુમાવતીનાં નાટકનાં ગાયનો.

સુત્રધાંર—　　　　　૧

પાહી મામ લક્ષ્મિ કાન્ત, કુજન વીદારણ, સુજન ઉધારણ.
યાચુ હું અમીની દ્રષ્ટિ, કાળી નાથ . ..　...... ....
જ્ઞાન વીણુ હુંછુ નાથને અનાથ તાર તુ દયાળ.
અસુર અરી ઊખેડી ફેડી પાપી, જન છેદ્રી ભેદી,
કાર્યપુર સુરનાથ શાંન્તિ સ્થાપી સકળ સાથ,
વીકટ તટ આ સીધુ નાટય છંદ જળ ભર્યું છે-અગાધ,
ભય વીદારી પાર ઊતાર ઉર અરજ આ ઉતાર,
કૃતી નવીન મતિ નવિન ચરણ રાખ હે મોરાર,
તાર તાર...　　. ...　.. .. .. પાહીમામ લક્ષ્મિકાંન્ત.

નટીયો—　　　　　૨

ભલે જન કોટી યત્નો કરે, નશીબના લખ્યા લેખ ન ટળે.
પાપીયા પાપી પગલાં ભરે, અતમા માથુ પટકી મરે.
હરિશ્ચદ્ર મહારાજ જુવોને, નીચ ઘેર સેવા કરે.
થઇ સેવકી સતી લેખથી, ગુમાન શાને કરે.　....નશીબ.
પાન્ડવ સરખા ધર્મ ધારી પણ, વનવન રવડી મરે,
ચીર હરણ જો થયાં સતિનાં, પ્રભુ કૃપા ત્યા કરે....નશીબ.

સતીયા સુરજન ભલે કુજનથી, કદ્દી પીડાતા ફરે,
સત્યમેવ જય તેજ સમજજો, ન્યાય નીયતા કરે ...નશીબ

સખીયો— ૩

સજની ચાલોને ધીરી ધીરી ચાલથી,
સજની કર લેઇને, આવી વરમાળરે . ...
સાહેલી શાણી થાળ પુર્યો, કુમકુમ હાથીયેરે, ...
સજની નીરખોને ન્યારા ન્યારા ભૂપતી.
સજની નવ નવ છે બેડા રાણા રાજરે ..
સહિલી શાણી
સજની શોધજે સ્વામી સારા ગુણનો,
સજની ભવજળને તરવાનુ નાવરે.
સાહેલી શાણી .

માલતી— ૪

આહ યુવાની શીછે, ખીલી જેવી મધુની વેલી બાળી
ફેશની ચોળી સારી જીક ભરી મોર વાળી,
પહેરી સાડી પુલ વાળી . . .. આહ
ગુડ ફેશન પર રૂવાબ કરતી, હુ ચાલુ ઇઠલાતી.
ઓટો મોહીની સેન્ટ લગાવી, ફરૂ અગે મલકાતી,
હું છું ગુમાનમાં મદમાતી.......આહ.

મદનલાલ, માલતિ, નવેલી ૫

સાંભળ ડીયર પ્યારી જાની,
હું. રાજા તું સુદર રાણી, જાન ફીદા દીલદાર
આશક થયો હું માની,
સુદર છબીલી શાણી નખરાયે માર્યા ઠાર,
મારા ગુલાબના પુલ
તારી ઉપર હું છું ડુલ, તુ થા મારી સરદાર
જા જા મ્હોબતના ગુલામ,
માનો માનો ડીયર જાન
ઠેમ રાસ્કલ જુતીનો માર
જા, ઓ તુ પાજી વાહ ગધમજી છો નમુનેદાર
લેશું દીવાળીની બહાર,
છટ છટ ઓ ગમાર.
પુરા વાગ્યા દીવાના બાર.

દાસીઓ— ૬

વસતે પુલવાડી ખીલી, લહેકતી છે વેલી આલી.
કળી છે રસ બસ બીડેલી મધુપ પધારજો.
ચુમો રસીયા રસરાજ, ભોગી આવજો.
મકરંદ લેવાને કાજ, મધુપ પધારજો.
વદન કમળનાં સુખકર મધુર દરષ કર.વાને,

મદન અગન તન પીડ ભુજ, ભરી શીતળ કરવાને-
શાંન્તિ તન મન કરવાને, લાલા આવજો,
કેલી લીલા રમવાને લાલા આવજો-

સખીઓ-કુસુમાવતી— ૭

શાણી જોની ગુજ મધુ મધુ રગની
કેવી ખીલી ન્યારી ન્યારી સુમનની
વહેવળી શીળીશી સમીર સુગધની કેવી
શીતળ છાયા કેવી, આમૃની જોઇ વેલી આનદથી
હુસી ધસી વળી વીટી હાળ ઉમગથી .. કેવી
ડાળી ડાળી જોતી કુદતી કોયલ શાન્તી સુખે કરે ટોકા મધુરા
વીરહી બાળાને દુ ખ‍ા દેવાને નાચે નીચા મળી મોર મધુરા,
સુદર સારસની સજની મળી જોડી જોડે ચાલી કરતી ચાળા,
શુક મેના ઉડા ઉડ કરી સખી કોરે કાળજડુ નાજુક બાળા-
અનગ અગ સમાયરે કોને કહું અનગ અગ સમાય,
આવી યુવાને જાણે જગતમા બીજાથી નવ કળાયરે-
અમૃતથીભર મુગ્ધ અધર આ અમૃત સ્તનોથી છે ઝરતુ આ
અમૃત દ્રષ્ટિથી રાચે પીયુજી, અમૃત અગથી જોની રેલે આ
અમૃત વાણીથી નાથને રીઝવી અમૃત સ્નેહનાં પાત્ર ભરૂ હું
અમૃતના ઘર ચંદ્ર સમા પીયુ આલીગને તનશાન્ત કરૂ હુ
ઓય ઓય વીછુડે ફટકાવી આવો ઓ સહીપણાંરે લોલ
સખી મારો સણકે જીવ તે જાય-
સખી મને રગ રગમાં ઝેર વ્યાપ્યુ બળુ હુ અંગમાંરે લોલ

કોને કહુ ને કેણુ સાભળેરે તેડો મ:ન વૈદરાજરે
આણો બેન હૃદય દુ:ખની દાઝ
આવો આવો વૈદરાજ વાલમજી ઉતારો વીષ ઓ રાજજી

સખીઓ–કુસુમાવતી— ૮

વાહ ઝુકેલી આલી, વાહ વસતે વેલી
વ્યર્થ શીદ અકળાવો,
વ્યર્થ શીદ શરમાઓ, સુન્દર અ ગ બેન શીદ કરમાવો.
છે કુસુમ કળી સમ સજની, વા મુખધારા અમૃતની
છે મનહરણી મ્રગ નયની, ને સુખ કરની ગજ ગમની
શાને અલી સતાવ હુ ભુલી ગઇ મુજ ભાન
ગયો ચીત્ત ચોરી એ સુજાન
વા ચચળ ચપળા પ્યારી, મળશે મોહન થા ધીરી
વા કરણુંની સદનારી
ઉહુ–ખસો. . ... વાહ–ઝુકેલી

કુસુમાવતી— ૯

તમે રમીયા બોલે પળજો રાજ, વ્હેલા વ્હેલા વળજો.
દાસી ઉર અરજી ધરજો રાજ વહેલા વહેલા વળજો
સ્વામીનાથ છો પ્રાણ અમારા અમૃત આનદ ભરજો રાજ
વહેલા વહેલા વળજો રાજ.
નાર નવેલી તમ વીણ સ્વામી કરમાશે મન ધરજો રાજ
વહેલા વહેલા વળજો રાજ.

કુસુમાવતી— ૧૦

મુરખા આ મરતા માને ગર્વે છાકે શુ ભાઇ.
માટીમા જાવું મીલાઇ . ...
ભુપતીને ચક્રવતી શેઠને સાહુકાર
ગયા મુકી મહેલ માળા રાખ બળી બળી થાય.
નહી નીશાની દેખાય.. .. ..
જરૂર જાશે જે જનમશે એમ આ ઘટમાળ
અભીમન છોડી, અધા મમતાને માયા મુકાય
કાચી છે કાયાની સગાઇ ... ...

ખુમાણસિહ— ૧૧

અવનીમાં કપટથી કામ સધાય,
કામ સધાય, આગળ આમ વધાય . ..
કપટ ઝપટમાં લપટ કરીને
પર ધન ધામ, તમામ હરિને
માયાવી માણે મજા મનમાંય.. .. . .અવનીમાં
કપટ કવચ વિણ જાન લો પ્રાણ
કપટીના બાણ પેસી પેટમાં... . ... .અવનીમાં.

નવલ— ૧૨

સુધારાના સાથી જીવ જાગરે દીવસ વહે છે રે કર વિચાર કાંઇ
રાહ અવળી પર ચાલી ઘાલીને સુધારોરે
શીદને તું થાનો ફજેતરે... ....દીવસ વહે છે.

પ્રીયા ઘર ધધો છોડી ચાલી ચોપાટીરે
બુટ શુઝ પહેરી લેઇ યારરે.......... દીવસ વહે છે.
તાતને લજાવ્યા કઇએ ભ્રાત નવ ગણુતીરે
પતીને ન માની છકી જાયરે .. . દીવસ વહે છે.
શાણુા શબ્દો મારા અમલમા લેજોરે
સુધરી ન થાશો એ હાલરે ..દીવસ વહે છે

મદન, નવલ, માલતી- **૧૩**

વા વા ખુબ મજાયારો, શરાબ લે જત સુધારો
ઝટ પટ પી લ્યો બાઇજી ભાઇજી
જા જા પાપી અનાચરી
દારૂની એ મસ્તી આવી .... વા વા
વીસ્કી પી લ્યો (૩) આહા હુ'
પેક પીયોજી પીયોજી પીયોજી એક
લ્હેર જોવાશે પોચાશે વઇકુઠ છેક વા વા .
ધીકક તુને ધોબીના પથ્થર
મોઢુ લઇ તુ જા ઘરમાંથી, કાળુ કરીને જા ઘરમાથી
જી, જી, જી, જી, જી..........

કુચનીયો— **૧૪**

કયસે રાધામેં બ્યાહું કનૈયા કાલા
કનૈયા કાલા કનૈયા કાલા,

માખન ચોરી વો, ગલી ગલી ફીરતા
તૃટ જમુના પે ભટકતા ગોરી મેરી
ગોરી મોરી રાધા ગોરી મોરી રાધા

સાખી

જાગ જમુનાકો મે ગઇ, અચ નંદ કીશોર,
મટકી મેરી તોડકર, દીની બાંહય મરોર
આયાથા એ આગ લેને દાગ અંગ લગાયા
નયનકી મરોડનસે, કરોડ બાતે કર ગયા—ગોરી
મોરી રાધા

ડ્રોપ.



અંક ૨ જો.

સીપાઇઓ— ૧૫

બહાદુર બળધર વીર શુર સામત ધીર ધારી લો હથીયાર
મારી કાપી છુદી ચાપી દો દળ દુશ્મન કરી ઠાર બહાદુર
રોળી ચોળીને રગદોળી દો લુટાવી ઘરબાર
ચાલો પલમાં, મહાલો રણમા જગ સરદાર
ભીમ બળથી ગરજી આજ, ઝાલીને ઝીકીને વીખીને,
નામ દીપાવો દોસ્ત તમામ,
તોડીને ફોડીને વીરોને, ચાલો ચાલો સરદારોને— બહાદુર

કરણસિંહ-કુસુમાવતી- ૧૬

વાહ બલીહારી તનપર વારી,
પ્રેમ નીભાવી ખેલતી ધરી શાંતિરે હાં હાં નરમાળી
મધુર નવેલી રસભર વેલી
નયને ચીત લોભાવતી શશી કાંતીરે—વાહ વાહ પ્રેમાળી
મન મલકેરે યુવા છલકેરે
અરપુ હું માળ મગલદાયનીરે
રતી રસ રસીયા ઝીલો મનડે વસીયા
નયન હીર જસીયા મોહન ધાર્યો મળીયા .. વવા

મદન-માલતી— ૧૭

આતો હીસ્ટ્રીઆ કળાય, વાયુ ગોળો છે ભળાય
ચાલ ડીસ્પેનસરીમાં સધારીયે
ચૅાટો વીકટોરીયા માંહ્ય, ડાકટર ભકકાને ત્યાંય.. ચાલ
અરે અરરરર હાય કઇ કાંઇ થાય છે.
ખમા ખમા ડીયર જાન તને શું થાય છે.
અરે અરરરર હાય મારો જીવ જાય છે.
મારા કલેજાના ટુકડા તને શુ થાય છે.
કાળી જીરી બે વાલ, ગળો લીમડાની છાલ
પાઉ કાવો કરી ચાલ માંહી થોડુક ઝેર ઉમેરીયે—ચાલ.
જાય કોલેરાનો રોગ, મળે માલતીનો ભોગ,
આવે દીવાળીનો જોગ. લઇ અશ્વની કુમાર ચાલીયે
અરે અરરરર..... . ....આતે હાય....

વિરમતી— ૧૮

કામ કેફ કરી ભુલવે તમામ ભાન,
ભુલવે છે સાવસાન ભુલવે વિવેક જ્ઞાન.
કામ ગહન વનને ભુવન ભવ્ય ભાળે,
ખરે કાટાની કોમળતા નીહાળે,
અગન ઝરતી ચદન શીત ભાળે,
ખરે કામી જન મોટા નાદાન.............. કામકેફ ...

ખુમાણુસિંહ ૧૯

બસ જાઉં બળ બતાઉં
દુશ્મન શીરપર મારી અસીને ચમકાવું પાપી મારૂં ઠાર.
ફેદું હું સકળ સેના હુ પળમાં,
બળમાં નથી મુજ સરખા સૌને કરૂ બેહાલ
ઓ વીરમ મારૂં તુને હુ પ્રથમ,
મારો કટ્ટો શત્રુ તુ અભીમાની,
કેવા કરૂં બુરા હાલ, ઉતારૂ હું તારીખાસ
જાન આજ નકકી લઉં .... બસ...

કુસુમાવતી— ૨૦

મારી વારે ચડજો શ્રી વીઠલ વર વનમાળી,
નમુ દીન હીન અબળ અબળ બાળા લીયો ઉદ્ધારી,
અર્જ આ સ્વીકારી દોને ભવ ભય નીવારી,
સતી હું ટળવળતી, વીયોગે સ્વામી,
અતી છુ પીડાતી, બેડી બંધન પામી
દુષ્ટ જનથી પુન્યવંતી બનતી આ બીચારી
કરી કૃપા મુરારી વિભુ કર ગ્રહી કરો સ્હાય

કુસુમાવતી— ૨૧

સતિ શિયળ ધન હરણમાં, મતિ મદ મુઢ થામા,
એ ફંદમાં ફસામાં કુછંદ ફંદ જામાં ....સતિ શિયળ.

પતિવૃત તણો પટારો, કદી તોડતાં ન તુટે,
છે વજ્ર બંધ બાંધ્યો, કદી છોડતાં ન છુટે,
કામી કપાળ કુટે, છો પુટે, શીર પુટે વય ખુટે—
એ ફંદમાં ફસામાં.

નવેલી— ૨૨

અજી વાહરે હું મધુર ખીલેલી, યોવને ઝુકેલી,
રસથી ભરેલી પ્રેમને પંથ લઇ ચાલી,
અગ અનુપમ આ ખીલ્યું છે જેવી વસંત વાડી,
ચટક ચાલથી, લલીત ભાવથી લાલા મોહ પમાડી,
મળે પીયુ મને પ્રેમનો પ્યાસી,
યુવા મસ્ત રસ ભીનારે, નવ નાજુકને રગીલો—અજી

ચીમન-નવેલી— ૨૩

આવો હરશી જી મારી છબીલી નવેલી,
દીલ અરપણ તુ કર આજ હે રસીલી,
પ્યારી પ્રેમ વેલી હવે કેમ ચાલી
તજી મુને ઘેલી અલી શેલી તુ.
પ્રેમ દુધડાં નહી લાયક તમ શીદ હું મગજ પકાવો
જાઓ જાઓ જાણ્યા અહીંયાંથી સુખથી ઘેર સીધાવો,
રસીલી કેમ અમારૂં મન ગભરાવો.
આવોજી, આવોજી ચંદ્ર ચમન
નીરખી નયન, ભુલી ચકોરી ભાન.......આવો હરશીજી

શુદ્ધિપત્રક.

પૃ.	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૧૫	૧૩	બરદાર	ખબરદાર
૨૪	૮	વધાવશો	વધાવશે
૩૩	૧	ધાસે	ધાએ
૩૭	૮	વાળ	વાળી
૩૭	૯	ફૂળ	ફૂળી
૪૮	૬	મારા	મારા
૫૦	૧૬	તે	ને
૭૪	૧	શ્યામતરુ શ્રીભાસ	શ્યામતરુશ્રીભાસ
૮૭	૧૮	શાસ્ત્રને	શાસ્ત્રીને
૯૯	૧૭	શુક્રનો	શક્રનો
૧૦૪	૧૪	ધૂમે	ધૂમે
૧૦૮	૧૭	૬૮	૬૯
૧૦૮	૨૧	કબૂરે	કબૂલરે
"	૧૩	છોટાલાલ નરભેરામ ભટ	અજ્ઞાત
	૧	૩૮	૩૬
		અ	અંદરના

પાટીદારયુવકમંડળગ્રંથમાળા

૧ **પ્રભાત**—એક રસભરી સુધારાના અને સ્વદેશાભિમાનના ઉત્તમ વિચારોથી ભરપૂર **નવલકથા** જેની ગુજરાતની દશ ઉત્તમ નવલકથાઓમા ગણના થઈ છે પૃ ૨૫૦ મળ કીમત રૂા ૧-૦-૦ હાલ ખાસ ઘટાડેલી કિમત ૦-૮૦ સોનેરી પાકુ પુઠુ કીમત ૦-૧૦-૦

૨ **મહન્ત**—આર્યાવર્તની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિનો ચિતાર તથા ઉન્નતિના ઉપાયોનુ કાવ્યમા દર્શન પૃ ૬૪ કિ ૦)૦ વહેચાવવા ઇચ્છનાર માટે ૧૦૦ પ્રતોની કિ માત્ર રૂા ૩-૦-૦

૩ **પાટીદાર સુબોધ સંગ્રહ**-જ્ઞાતિને ઉપયોગી થઈ પડે તેવા જુદા જુદા વિષયોપર સાદી ને સૌને સમજ પડે તેવી સરળ ભાષામા લખાયેલા નિબંધો કી ૦-૮-૦ હાલ ૦-૪-૦

૪. **કન્યાવિક્રયદોષદર્શન.**-કન્યાવિક્રયના દોષો ઉપર શાસ્ત્રીય અને વ્યાવહારિક દૃષ્ટિએ વિવેચન પૃ ૬૪ કિ ૦-૨-૦ આ આ પુસ્તકની સેકડો નકલો જ્ઞાતિમા વહેચાવવા ખપી ગઈ છે. મફત વહેંચાવવા ઇચ્છનાર માટે સો પ્રતની કીમત માત્ર ૬-૪-૦

૫ **બાલ-પ્રાર્થના**—(બીજી આવૃત્તિ) જૂજ નકલોજ બાકી રહેલીછે જાણીતા 'સત્ય' માસિક જેને માટે નીચે પ્રમાણેનો અભિપ્રાય આપ્યો છે 'અર્ધા આનાની કીમતની પ્રાર્થનાની નાની અમથી રમકડા જેવી ચોપડીમા બહુજ સારી રીતે ચુંટાયેલી પ્રાર્થનાઓ આપવામા આવેલીછે, ને તે દરેક હિંદુઓ સગ્રહવા લાયકછે' મફત વહેંચવનાર માટે ૧ રૂા ની ૩૬

ચુનીલાલ રામચંદ્ર શેલતકૃત 'કાવ્યોદ્યાન'

પૃષ્ઠ લગભગ ૨૦૦ પાકુ સોનેરી પુઠુ કિ રૂ ૧-૦-૦

પટેલબન્ધુ.

સાત વરસથી પ્રકટ થતું વિવિધ વિષયો ચર્ચતું ૩૨ ઉત્તમ માસિકપત્ર. દિવાળીના અને પરિષદ્‌ના એમ બે દળદાર ખાસ અંક આપવામાં આવે છે છઠ્ઠા વર્ષમાં ૩૮૪ બદલે ૫૦૦ એટલે સાધારણ પુસ્તક સાઇઝના ૧૦૦૦ વાચન માત્ર સવા રૂપિઆના લવાજમા આપવામાં આ૰ તે ઉપરાત ભેટના પુસ્તકનો લાભ તો જૂદોજ.

જ્ઞાતિના બે આગેવાન પુરૂષો અને દક્ષિણ આફ્રિકાવાળ નર મોહનદાસ કરમચદ ગાધીનો મળી ત્રણ ફોટા પણ અ આવ્યા છે.

સાતમા વરસનો દિવાળીનો ખાસ દળદાર અક ૧૨૫ પ્રકટ થઇ ચૂકયો છે તેમાં વસોના મહાન્ નર બાજીશાહનો દુર્લભ ફોટો પણ આપવામાં અવ્યો છે કૃષિ, સમાજ, સાહિત્ય, વાર્તાવિનોદ, આનદકંદ, કાવ્ય વગેરે અનેક વિષયોના ઉત્તમ લેખો આપવામા આવ્યા છે

વાર્ષિક લવાજમ ફકત રૂપિઓ સવા (અગાઉથીજ) ભેટનુ ટપાલ ખર્ચ જૂદુ. રૂ. ૧૦ની અદરના પગારદાર શિક્ષકો માટે રૂપિઓ એક નવા થનાર ગ્રાહકોને 'મહન્ત' તથા " કન્યાવિક્રય દોષદર્શન,, નામનાં પુસ્તકો ટપાલ ખરચનો એક આનો વધારે લઇ મફત મોકલવામા આવશે

સવત્ ૧૯૭૦મા નવા થનાર ગ્રાહકોને બે આના વધારેના લઇ 'ગોપકાવ્યો' સિલકમા હશે ત્યા સુધી આપવામા આવશે ગ્રાહક વર્ષના આરભમા કાર્તિકથી કે વૈશાખ માસથી થઇ શકાય છે

લખો — તંત્રી,

પટેલબન્ધુ—સુરત.